# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ
## સંશોધન સલાહકાર સમિતિની ૧૯મી બેઠકની કાર્યનોંધ

---

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળની સંશોધન સલાહકાર સમિતિની ૧૯મી બેઠક કરવા અંગે માન.કુલપતિશ્રીનાં ફાઈલ પર મળેલ આદેશ અનુસાર આ કમિટીની બેઠક તા.૨૯/૦૧/૨૦૨૪નાં રોજ બપોરે ૧૨:૦૦ કલાકે માન.કુલપતિશ્રીની અધ્યક્ષતામાં સુધર્મા હોલમાં Online/Offline એમ બંને મોડમાં આયોજિત કરવામાં આવેલ હતી. આ બેઠકમાં નીચેનાં મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં.

(૧) પ્રો. સુકાન્ત કુમાર સેનાપતિ, માન.કુલપતિશ્રી (રૂબરૂ)
(૨) પ્રો. (ડૉ.) લલિતકુમાર પટેલ, સમિતિ અધ્યક્ષશ્રી (રૂબરૂ)
(૩) શ્રી પન્નાલાલ વ્યાસ, સભ્યશ્રી (Online)
(૪) ડૉ. નરેન્દ્રકુમાર પંડ્યા, સભ્યશ્રી (રૂબરૂ)
(૫) શ્રી જીતેન્દ્રકુમાર વ્યાસ, સભ્યશ્રી (Online)
(૬) ડૉ. જાનકીશરણ આચાર્ય, સભ્યશ્રી (રૂબરૂ)
(૭) ડૉ. વસુમતીબેન દવે, સભ્યશ્રી (Online)
(૮) ડૉ. કાર્તિક પંડ્યા, સભ્યસચિવશ્રી (રૂબરૂ)

બેઠકની શરૂઆતમાં ડૉ. કાર્તિક પંડ્યા દ્વારા સમિતિના તમામ સભ્યશ્રીઓનું સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ, કરેલ અને ચાલી રહેલ કામગીરીનો અહેવાલ ક્રમ નં. (૧) થી (૧૧) પ્રસ્તુત કરીને તેની બહાલી મેળવી. અંતે, માન.કુલપતિશ્રીની સહમતિ મેળવી નિયત કરેલા એજન્ડા રજૂ કરેલા હતાં. એજન્ડા મુજબ દરેક વિષય પર વિસ્તૃત ચર્ચા વિચારણા કરી નીચે મુજબનાં નિર્ણય/ભલામણ કરવામાં આવેલ છે.

૧. યોગના વિદ્યાર્થીઓની તા. ૧૨-૧૦-૨૦૨૩ની અરજીને વંચાણે લઈ સંસ્કૃત માધ્યમમાં હાલમાં દર્શન વિષય / શાસ્ત્રના માન્ય માર્ગદર્શકશ્રીઓના માર્ગદર્શનમાં યોગ વિષયમાં Ph.D. કરાવવા સમિતિ ભલામણ કરે છે.

૨. યુજીસી નિયમાનુસાર PET (Subjective/Written)નું પેપર ૧૦૦ ગુણના સ્થાને ૭૦ ગુણ (૩૦+૨૦+૨૦)નું કરવા સમિતિ ભલામણ કરે છે.

૩. No Objection Certificate (અનાપત્તિ પ્રમાણપત્ર)નાં ફોર્મેટને માન્ય રાખી અમલવારી કરવા સમિતિ ભલામણ કરે છે.

૪. શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળના અનુસ્નાતક વિભાગમાં સાહિત્ય વિષયના આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે કાર્યરત ડૉ. જિગર એમ. ભટ્ટની પીએચ.ડી. માર્ગદર્શકતા સબબ પ્રાપ્ત અરજીની ચકાસણી કરતા તેઓશ્રીની અરજી માન્ય ઠરેલ છે. માન્ય રહેલ અરજીની બહાલી આગામી એ.સી./ઈ.સી.ની બેઠકમાં મેળવી તેઓને માન્યતા આપવા અંગે આગળની કાર્યવાહી કરી શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ની માર્ગદર્શકશ્રીઓની યાદીમાં તેમનું નામ સમાવિષ્ટ કરવા સમિતિ ભલામણ કરે છે.

૫. શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળના અનુસ્નાતક વિભાગમાં વેદ વિષયના આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે કાર્યરત ડૉ. વિપુલકુમાર જે. જાદવની પીએચ.ડી. માર્ગદર્શકતા સબબ પ્રાપ્ત અરજીની ચકાસણી કરતા તેઓશ્રીની અરજી પાંચ માન્યતા ક્રમો પૈકી ચારમાં સંપૂર્ણ રીતે માન્ય છે. UGC Pay Scale 5.1(a)માં તેઓશ્રીની નિમણૂંક નિયમાનુસાર ૫ વર્ષના અજમાયશી સમય માટે કાયમી આસીસ્ટન્ટ પ્રોફેસર પદે થયેલ છે. આ બાબતને ધ્યાને લઇ વિશેષ સંજોગોમાં ઉક્ત અરજીને માન્ય કરવા સમિતિ ભલામણ કરે છે. માન્ય રહેલ અરજીની બહાલી

SHREE SOMNATH SANSKRIT UNIVERSITY VERAVAL

આગામી એ.સી./ઇ.સી.ની બેઠકમાં મેળવી તેઓને માન્યતા આપવા અંગે આગળની કાર્યવાહી કરી શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ની માર્ગદર્શકશ્રીઓની યાદીમાં તેમનું નામ સમાવિષ્ટ કરવા સમિતિ ભલામણ કરે છે.

૬. શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળના અનુસ્નાતક વિભાગમાં દર્શન વિષયના આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે કાર્યરત ડૉ. બી. ઉમા મહેશ્વરીની Seed Grant (Research Project) સબબ પ્રાપ્ત અરજીની ચકાસણી કરતા તેઓશ્રીને આગામી સંશોધનની બેઠકમાં Seed Grant (Research Project) સબબ Presentation રજૂ કર્યા બાદ નિર્ણય કરવા સમિતિ ભલામણ કરે છે.

૭. શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ની યુનિવર્સિટી માન્યતા પ્રાપ્ત પીએચ.ડી. માર્ગદર્શકશ્રીઓની સંશોધિત યાદી પ્રસિદ્ધ કરવા સમિતિ ભલામણ કરે છે.

૮. યુજીસી નિયમાનુસાર અત્રેની યુનિવર્સિટીના માન. કુલપતિશ્રી પ્રો. સુકાંત કુમાર સેનાપતિજીને આગામી એ.સી./ઇ.સી.ની બેઠકમાં બહાલી મેળવી તેઓને પીએચ.ડી. માર્ગદર્શકતા માન્યતા આપવા અંગે આગળની કાર્યવાહી કરી શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ની માર્ગદર્શકશ્રીઓની યાદીમાં તેમનું નામ સમાવિષ્ટ કરવા સમિતિ ભલામણ કરે છે.

**મહાનુભાવોના સૂચનો-**

૯. જે પીએચ.ડી મહાશોધનિબંધોની સોફ્ટકોપી વિભાગમાં પ્રાપ્ત થયેલ નથી તે માટે ગ્રંથપાલશ્રી તથા ગ્રંથાલયની અનુકૂળતા મુજબ અત્રેના સંશોધન વિભાગનો સ્ટાફ ગ્રંથાલયમાં બેસી બાકી રહેલા મહાશોધપ્રબંધોને સ્કેન કરવાની કામગીરી કરે તેમ સમિતિ ભલામણ કરે છે.

૧૦. છ માસિક પીએચ.ડી. પ્રગતિ પ્રતિવેદન સમીક્ષાની બેઠક પ્રતિદિન એક વિષય/શાસ્ત્રને ધ્યાને લઇ તેમજ મર્યાદિત શોધાર્થીઓને બોલાવી આયોજિત કરવા સમિતિ ભલામણ કરે છે.

**અધ્યક્ષશ્રીના સૂચનો-**

૧૧. રાષ્ટ્રીય શિક્ષા નીતિ - ૨૦૨૦ (NEP-2020) અનુસાર આંતરશાખાકીય (Interdisciplinary) અને બહુવિષયક (Multidisciplinary) શીર્ષકોને પ્રાધાન્ય આપીને આગામી સમયમાં Research Discussion Committee (RDC)નું આયોજન કરવા સમિતિ ભલામણ કરે છે.

આ બેઠકની કાર્યનોંધને અગ્રિમ AC/ECની બેઠકમાં લઇને તેની બહાલી/મંજૂરી મેળવવા ભલામણ છે. બેઠકના અંતે સંશોધન અધિકારીએ તમામ મહાનુભાવોનો આભાર વ્યક્ત કરી બેઠક પૂર્ણ કરેલ હતી.

SHREE SOMNATH SANSKRIT UNIVERSITY VERAVAL

**(ડૉ.કાર્તિક પંડ્યા)**
સંશોધન અધિકારી